# લુણાવાડામાં ભૂંડ અને નીલગાયના ત્રાસથી ખેડૂતોની ઉંઘ હરામ થઈ

**કુદરતના** કહેર બાદ ખેડૂતો માટે જંગલી જનાવર દુશ્મન બન્યા



(પ્રતિનિધિ) લુણાવાડા તા.14
મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો જંગલી ભૂંડ અને નીલગાયના આતંકથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ પશુઓનો ત્રાસ એટલો વધી ગયો છે કે ખેડૂતોની દિવસ-રાતની મહેનત, ખર્ચ અને પાક સંપૂર્ણપણે નિષ્ફળ જઈ રહ્યા છે, જેના કારણે ખેડૂતો આર્થિક અને માનસિક રીતે ભાંગી પડ્યા છે.

લુણાવાડા પંથકના ખેડૂતોની મુખ્ય સમસ્યા એ છે કે ખેતરોમાં વાવેલા પાકને બચાવવા માટે તેમને રાત્રીના સમયે પણ જાગીને રખેવાળી કરવી પડે છે. ખેતરની આજુબાજુ વાડ (ફેન્સિંગ) કરવા છતાં, જંગલી ભૂંડના ટોળાં ખેતરમાં ઘૂસીને ઊભા પાકને વેરવિખેર કરી નાખે છે. ખાસ કરીને રાત્રિના સમયે ભૂંડનો ત્રાસ એટલો વધી જાય છે કે ખેડૂતોની ઊંઘ પણ હરામ થઈ ગઈ છે.

ખેડૂતોના જણાવ્યાનુસાર, અમે બીજ વાવીએ છીએ, પાણી પાઈએ છીએ, ખાતર નાખીએ છીએ. આ બધો ખર્ચ અને મહેનત ભૂંડ અને નીલગાયના પેટમાં જાય છે. પાક તૈયાર થવાના સમયે જ આ જંગલી પ્રાણીઓ બધું બરબાદ કરી નાખે છે, અને ખેતી સિવાય તેમની પાસે બીજો કોઈ આધાર નથી. ખેડૂતોમાં સરકારની નીતિ સામે પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતો સવાલ કરી રહ્યા છે કે, તાજેતરમાં અમુક વિસ્તારોમાં કૂતરા પકડવા કે નિયંત્રણ કરવા માટે સરકારી પગલાં લેવાઈ રહ્યા છે. જે ખેડૂત અન્નદાતા છે અને વર્ષોથી આ જીવલેણ સમસ્યાનો સામનો કરી રહ્યો છે, તેના માટે કાયમી ઉકેલ શા માટે લાવવામાં આવતો નથી? તે મોટો પ્રશ્ન છે.

ખેડૂત આગેવાનો અને સ્થાનિક ગ્રામજનોની માંગ છે કે, સરકારે આ સમસ્યાને ગંભીરતાથી લેવી જોઈએ અને તાત્કાલિક તેમજ કાયમી ઉકેલ લાવવો જોઈએ. જેના માટે ભૂંડ અને નીલગાય જેવા પ્રાણીઓથી પાકને થતું નુકસાન અટકાવવા માટે અસરકારક અને કાયમી નીતિ બનાવવામાં આવે. વન વિભાગ અને કૃષિ વિભાગ દ્વારા સંકલિત રીતે આ પ્રાણીઓનું નિયંત્રણ કરવાના કે તેમને જંગલ વિસ્તારમાં પાછા ધકેલવાના સઘન પ્રયાસો થાય. જ્યાં સુધી કાયમી ઉકેલ ન મળે, ત્યાં સુધી પાક નિષ્ફળ જતાં ખેડૂતોને વ્યાજબી વળતર ચૂકવવામાં આવે. તેથી તેમની સમસ્યાનો તાત્કાલિક નિકાલ લાવવોએ સમયની માંગ છે.

# પ્રાકૃતિક ખેતી જ થાય તો પૂર દૂષ્કાળ ભૂતકાળ બની જાય

**આણંદ** કૃષિ યુનિવર્સિટી ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતો સાથે પરિસંવાદ યોજ્યો




(પ્રતિનિધિ) આણંદ તા.14
આણંદ જિલ્લાના પ્રવાસે આવેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રવિવારે આણંદ કૃષિ યુનિવર્સિટીના બી. એ. સી. એ. ઓડીટોરિયમ હોલમાં ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે પરિસંવાદ કર્યો હતો. તેઓએ આ પ્રસંગે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી પ્રકૃતિ તરફ પ્રયાણ કરવા હાંકલ કરી હતી. તેમણે પ્રાકૃતિક કૃષિની હિમાયત કરી પ્રાકૃતિક કૃષિને વૈજ્ઞાનિક ખેતી ગણાવી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં પ્રાકૃતિક કૃષિને ટકાઉ વિકાસનો માર્ગ ગણાવી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને વિકસિત ભારત માટેનો આધારસ્તંભ હોવાનું મક્કમપણે જણાવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત ઝેરમુક્ત (રાસાયણિક ખેતી મુક્ત) રાજ્ય બને તે મારું મિશન છે, તેમ વધુમાં ઉમેરીને રાજ્યપાલે પોતાના ઉદ્દબોધનમાં રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવ અને પ્રાકૃતિક કૃષિમાં સૂક્ષ્મ જીવાણુઓનું મહત્વ વિષયને સમગ્રતયા આવરી લીધો હતો.

રાજ્યપાલે નિશ્ચિતપણે જણાવ્યું હતું કે, વર્તમાન અને ભવિષ્ય પ્રાકૃતિક કૃષિનું છે. જો સમગ્ર દેશમાં પ્રાકૃતિક કૃષિ થવા લાગે તો પૂર અને દુષ્કાળની સમસ્યાઓ ભૂતકાળ બની જશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતો અને ખેતી સાથે જ સમગ્ર માનવજાતિના સર્વાંગી વિકાસ અને અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ અને જરૂરી ગણાવી હતી.

હરિત ક્રાંતિનો ઉલ્લેખ કરીને તેમણે આજથી 60-70 વર્ષ પહેલાની અને આજની પરિસ્થિતિને સવિસ્તૃત ઉદાહરણો તેમજ તથ્યો આધારિત રિપોર્ટ ટાંકીને સમજાવ્યું હતું. ખાદ્યાન્નની અછતને પહોંચી વળવા માટે હિમાયત કરાયેલી હરિત ક્રાંતિ વખતે દેશની જમીનનો ઓર્ગોનિક કાર્બન 2થી 2.5 ટકા હતો, જે જંગલ જેટલી જમીનની ઉપજાઉ ક્ષમતા બરાબર હતો અને આજે દેશની જમીનનો ઓર્ગેનિક કાર્બન માત્ર 0.5 ટકાથી પણ ઓછો છે, તેમ કહીને રાજ્યપાલે વર્તમાન સમયમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓની વિપરીત અસર વર્ણવી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિને આજની સમયની જરૂરિયાત ગણાવતા કહ્યું કે, હરિત ક્રાંતિની જરૂરિયાત વખતે અઢી એકરમાં 13 કિલોગ્રામ નાઈટ્રોજન ખાતરની સલાહ આપવામાં આવી હતી. પરંતુ વધુ પડતા યુરિયા, ડી.એ.પી. અને જંતુનાશક દવાના ઉપયોગથી પરિસ્થિતિ એવી છે કે, જમીન પથ્થર થઈ ચૂકી છે. ધરતી માતાની ઉપજાઉ ક્ષમતા હવે ના બરાબર છે અને એટલા માટે એક એકરમાં 13 ગુણ નાઈટ્રોજન ખાતર નાખવું પડે છે. જ્યારે દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિમાં તો બજારમાંથી કંઈ પણ લાવવું નથી પડતું અને ઉત્પાદન ખર્ચ શૂન્ય હોવાથી ખેડૂતો માટે સમૃદ્ધકારી ખેતી છે.

આ કાર્યક્રમ પૂર્વે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પરિસંવાદ કાર્યક્રમ બાદ તેઓએ પરિસરમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે સમજ આપતા અને જાગૃતિ ફેલાવવા માટે લગાવેલા પોસ્ટર નિહાળ્યા હતા. કલેક્ટર પ્રવીણ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં પ્રાકૃતિક કૃષિને ટકાઉ વિકાસનો માર્ગ ગણાવ્યો હતો. પ્રાકૃતિક કૃષિ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત મિશન લાઈફના મૂળ ભાગને સાકાર કરે છે, તેમ જણાવી આ કાર્યક્રમથી આણંદ જિલ્લાના ખેડૂતોને નવી દિશા મળશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં અન્ય અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી, નાણા રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, સાંસદ મિતેશભાઈ પટેલ, કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. કે. બી. કથીરિયા, કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનર મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી વિગેરે હાજર રહ્યાં હતાં.

# ચારુસેટ ખાતે સંતરામ ભવનનો નામાભિધાન સમારોહ યોજાશે

**સંતો - મહંતો** સહિત મહાનુભાવો હાજર રહેશે



(પ્રતિનિધિ) આણંદ તા.14
ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી ખાતે 16મી ડિસેમ્બરના રોજ સાંજે 5 વાગ્યાથી નવ પ્રસ્થાપિત 'સંતરામ ભવન' (સાયન્ટીફીકલી એડવાન્સડ ન્યુ-ઈમર્જિંગ ટેક્નોલોજી રિસર્ચ એન્ડ એનાલિટિકલ મૂલ્યાંકન ભવન) નો નામકરણ સમારોહ યોજાશે.

આ કાર્યક્રમ વિશે માહિતી આપતા ચારુસેટના પ્રોવોસ્ટ ડો.અતુલ પટેલે જણાવ્યું હતું કે, આ સમારોહમાં સંતો ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા (ભાઈ), અનંત વિભૂષિત કાર્ષ્ણિ સ્વામી ગુરુશરણાનંદજી મહારાજ (રમણરેતી, મહાવન, મથુરા), ઉમરેઠના સંતરામ મંદિરના મહંત ગણેશદાસજી મહારાજ અને નડિયાદના સંતરામ મંદિરના નિર્ગુણદાસજી મહારાજ ઉપસ્થિત રહેશે. આ ભવનના મુખ્ય દાતા અગ્રણી ઉદ્યોગપતિ અને સંતરામ ભક્ત દેવાંગ પટેલ અને ઈપ્કો પરિવાર છે.

ચારુસેટના રજીસ્ટ્રાર ડો. બિનિત પટેલે માહિતી આપી હતી કે, ચારુસેટમાં દેવાંગભાઈ પટેલે મલ્ટી-યુટિલિટી બિલ્ડિંગની સ્થાપનામાં અગ્રેસર ભૂમિકા અદા કરી છે, જેનું નામાભિધાન 'સંતરામ ભવન' તરીકે કરાશે. આ ભવનનો ઉપયોગ ટેક્નોલોજી-આધારિત શૈક્ષણિક કાર્યો માટેનાં અત્યાધુનિક સેન્ટર તરીકે કરવામાં આવશે. ચારુસેટે ઓપરેશનલ એક્સેલન્સ, ટેક્નોલોજિકલ એડવાન્સમેન્ટ અને રિસોર્સ ઓપ્ટિમાઈઝેશનને મજબૂત બનાવવા અત્યાધુનિક સ્ટેટ-ઓફ-ધ-આર્ટ 'સંતરામ ભવન' આગવું સ્થાન ધરાવશે. આ પ્રસંગે ચારુસેટ અને કેળવણી મંડળના પ્રમુખ સુરેન્દ્ર પટેલ, માતૃસંસ્થા- કેળવણી મંડળ- સીએચઆરએફના સેક્રેટરી ડો.એમ. સી. પટેલ, માતૃસંસ્થાના પ્રમુખ કિરણ આઈ. પટેલ, ચારુસેટ હોસ્પિટલના પ્રમુખ અને સોજિત્રાના ધારાસભ્ય વિપુલ પટેલ ઉપરાંત માતૃસંસ્થા, કેળવણી મંડળ અને સીએચઆરએફના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# આણંદમાં મહાનુભાવોનું આજે અનુભૂતિ એવોર્ડથી સન્માન કરાશે

**તથ્ય** ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અનુભૂતિ એવોર્ડ -2નું આયોજન કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.14
આણંદના તથ્ય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા (ભાઈ)ના સાનિધ્યમાં અનુભૂતિ એવોર્ડના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ 15મીને સોમવારે સાંજે 5-00 કલાકે જીસેટ ઓડિટોરિયમ, બાકરોલ ગેટની બાજુમાં વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાશે.

ચરોતરની ભૂમિના વતની નિવાસી વ્યક્તિઓ જેમના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, પ્રેરણાદાયક પ્રદાનો થકી પ્રદેશની રાષ્ટ્રીય ફલક પર ઓળખ ઊભી થઈ હોય તેવા મહાનુભાવોનું તથ્ય ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અનુભૂતિ એવોર્ડથી સન્માન કરાશે. જેમાં અનુભાઈ દેસાઈ, શ્યામસુંદર રાઠી, કિરણભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ (મેકદાદા)ને સન્માનિત કરવામાં આવશે. આ સાથે કલા ભાસ્કર એવોર્ડથી પ્રાપ્તિ મહેતા અને ચારણ ભાસ્કર એવોર્ડથી પ્રતાપદાન ગઢવીને સન્માનિત કરવામાં આવશે.

પ્રથમ અનુભૂતિ એવોર્ડ મોરારીબાપુના હસ્તે એવોર્ડ વિભૂષિત વ્યક્તિ વિશેષ દેવાંગભાઈ પટેલ, અમૃતાબેન પટેલ, કિર્તીદાન ગઢવી, મનુભાઈ શેઠ અને રાજુભાઈ હાલાણી ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સાંસદ મિતેશભાઈ પટેલ, ધારાસભ્ય વિપુલભાઈ પટેલ, આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ, યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ રમેશભાઈ મેરજા વિગેરે હાજર રહેશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજની જડાવબા શિશુ કેન્દ્રના બાળકો ફાયર સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત લીધી

**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત જડાવવા શિશુ કેન્દ્રના બાળકોને દિવસ દરમિયાન નજીકના ફાયર સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં બાળકોને ત્યાં ફાયર ફાઇટર્સ કેવી રીતે કામ કરે છે ? તેની સાચી અને રસપ્રદ માહિતી આપી હતી. ફાયર ફાઇટર્સે બાળકોને અગ્નિ સુરક્ષા વિશે સરળ ભાષામાં સમજાવ્યું અને આગ લાગે ત્યારે શું કરવું તેની માર્ગદર્શિકા આપી હતી. બાળકોને ફાયર ટ્રક, મોટી નળી (હોઝ), હેલ્મેટ જેવા સાધનો જોવા મળ્યા હતાં. ફાયર ટ્રકમાંથી પાણી કેવી રીતે છૂટે છે ? તેનો લાઈવ ડેમો પણ બતાવવામાં આવ્યો હતો. આ મુલાકાતથી બાળકોમાં સુરક્ષા જાગૃતિ અને ફાયર ફાઇટર્સ પ્રત્યે સન્માન વિકસી શક્યું. બધાએ આનંદ સાથે જાણકારી મેળવી હતી.



### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે સાઇબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે POSH અને સાયબર સુરક્ષા વિષય પર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે કેરાલાના POSH ટ્રેનર તથા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થિની દિવ્યા મધુ (એગ્રીકલ્ચર ઓફિસર, કેરાલા સ્ટેટ કોઓપરેટિવ ડેવલપમેન્ટ બેંક લિમિટેડ, કોટ્ટાયમ,કેરાલા) હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત સાયબર સુરક્ષા અંગે વિશેષ માર્ગદર્શન આપવા માટે પોલીસ ઇન્સ્પેક્ટર સી.પી. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના વરિષ્ઠ નાગરિકો માટે ઉમીયા માતાધામ ઉંઝા અને મહુડી સહિતના સ્થળોનો પ્રવાસ યોજાયો

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી કેતન પટેલના સહયોગથી સિનિયર સિટીઝન ફોરમ (ડી.એન)નો ધાર્મિક સ્થળોનો એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામા આવ્યું હતું. સિનિયર સિટીઝન ફોરમના સદસ્યો સાથેની બે પ્રવાસી બસ ડીએન કેમ્પસથી રવાના થઇ હતી. આ પ્રવાસમાં 105 જેટલાં સિનિયર સિટીઝન જોડાયા હતા. પહેલા અમદાવાદ - ગાંધીનગર રોડ પર વૈષ્ણવ દેવી માતા મંદિરમાં દર્શન કર્યા હતા. બાદમાં અક્ષરધામ મંદિર અને મહુડી દર્શન કર્યાં હતાં. સાંજના ઉંઝાના મા ઉમિયા માતાના મંદિરે પહોંચી સૌ સદસ્યોએ આરતી દર્શનનો લાભ લીધો હતો. આ પ્રવાસના આયોજનને સફળ બનાવવા મંત્રી જી.એન. ભાવસાર અને કારોબારી સદસ્યો બાબુભાઇ પ્રજાપતિ, હરીશ ભટ્ટ, હેમંત પુરોહિત, આર.કે. સોની રાજેન્દ્ર પાંડે ચંદ્રકાંત કાછિયા એ જહેમત ઉઠાવી હતી.



### સોજિત્રા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રૂ.12.50 લાખના ખર્ચે એક્સ-રે મશીનનું લોકાર્પણ કરાયું

**સોજિત્રા** | સોજીત્રા શહેરમાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અંદાજીત રૂ.12.50 લાખના ખર્ચે તૈયાર કરાયેલા નવા એક્સ-રે મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પ્રસંગે મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોમાં સોજીત્રા શહેર તેમજ તાલુકા સંગઠન પ્રમુખો, મહામંત્રીઓ, તાલુકા પંચાયત પ્રમુખો, જીલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, વિવિધ સંસ્થાના આગેવાનો, હોદ્દેદારો, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ, પૂર્વ સંગઠન પ્રમુખો, શહેર તેમજ તાલુકા સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે.



### લુણાવાડા ફોર સીઝન હોટલ ખાતે જિલ્લા કક્ષાની સ્વાસ્થ્ય પરિષદ યોજાઈ

**લુણાવાડા** | લુણાવાડા ખાતેની ફોર સીઝન હોટલ ખાતે જિલ્લા આરોગ્ય શાખા અને જિલ્લા પંચાયત દ્વારા નિવાસી અધિક કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની સ્વાસ્થ્ય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય માતા મરણ, બાળ મરણ, કુપોષણમાં ઘટાડો, કેન્સરના રોગો અટકાવવા અને ક્ષય રોગનો (ટી.બી.) ચેપ તથા મૃત્યુદર ઘટાડવા માટે અસરકારક આયોજન અને તેના અમલીકરણ માટેનો હતો. આ પરિષદમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખો, સરપંચો, તેમજ રાજ્યકક્ષાએથી SHRESHTA-G અને જીસીએસ મેડિકલ કોલેજના પ્રતિનિધિઓ સહિત વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### આણંદના ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીમાં ફાયર અવરનેસ ટ્રેનિંગનું આયોજન કરાયું



**આણંદ** | કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીમાં ફાયર અવેરનેશ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ, લીડિંગ ફાયરમેન પ્રદીપકુમાર પરમાર અને ફાયરમેન રઘુવીરસિંહ પઢીયાર દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી. જેમાં લગભગ 25 જેટલા કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ તાલીમ દરમિયાન, કર્મચારીઓને ફાયર સેફ્ટી અંગેની પ્રાથમિક સમજૂતી, ફાયર એક્સ્ટીંગ્યુશરનો ઉપયોગ કરવાની રીત, ઇમારતમાં લગાવેલા ફિક્સ ફાયર સિસ્ટમની જાણકારી તેમજ કટોકટી સમયે બચાવ કામગીરી કરવાની ટેકનિક અને ફાયર બ્રિગેડની કામગીરીની માહિતી આપી સંપૂર્ણરીતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

### જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થી ગીતા શ્લોક, અધ્યાય, શતસુભાષિત ગાન સ્પર્ધામાં ઝળક્યાં



**આણંદ** | જિલ્લા કક્ષાની શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજના અને શતસુભાષિત કંઠપાઠ યોજના અંતર્ગત શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોક, અધ્યાય અને શતસુભાષિત ગાન પ્રતિયોગિતાનું જ્ઞાનયજ્ઞ વિદ્યાલય ખાતે યોજાઇ હતી. આ પ્રસંગે શિક્ષણ નિરીક્ષક આર.એ. દીવાન અને રાજ્ય સંસ્કૃત બોર્ડ, આણંદ એકમના નોડલ અધિકારી કૃષ્ણકાન્ત બી. જાની હાજર રહ્યાં હતાં. આ સ્પર્ધાના કુલ પાંચ વિભાગમાં યોજાઇ હતી. જેમાં જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના સૌથી વધુ છાત્રો સહભાગી થઇ વિજેતા બન્યાં હતાં. પ્રાથમિક વિભાગનાં આચાર્યા ઊર્જાબહેન પટેલ તેમજ માધ્યમિક વિભાગનાં આચાર્યા રીટાબહેન પટેલે વિજેતાઓને બિરદાવતાં સહુ પરત્વે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

### ખાનપુર તાલુકામાં આવેલા કલેશ્વરી કુન્ડ ખાતે દિવાળી જેવા ઝળહળાટનો અનોખો નજારો

**ખાનપુર** | મહીસાગર જિલ્લાની ઐતિહાસિક - પૌરાણિક પરંપરાને સમેટતું કલેશ્વરી સ્થળ ઝગમગી ઉઠ્યું હતું. યુનેસ્કો દ્વારા દિવાળીને અમૂર્ત સાંસ્કૃતિક વારસામાં સામેલ કરાયા બાદ, કલેશ્વરી કુન્ડ ખાતે ઇન્ટેલિઝબલ દીપાવલી ઊજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર કુન્ડ વિસ્તાર દીપોત્સવની રૌશનીથી ખીલી ઉઠ્યો હતો. સ્થળે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, પરંપરાગત દીપ પ્રગટાવાની વિધી અને લોકકલાના આકર્ષક કાર્યક્રમો યોજાયા હતા. સ્થાનિકો અને મુલાકાતીઓએ દિવાળી જેવી અલૌકિક ઝળહળાટનો આનંદ માણ્યો હતો.



### ખાનપુરની પીએમ પાંડરવાડા શાળામાં જાતીય સતામણી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**ખાનપુર** | બાકોર પોલીસ સ્ટેશનની સક્રિય 'શી-ટીમ' દ્વારા ખાનપુર તાલુકાની પી.એમ. પાંડરવાડા શાળામાં વિદ્યાર્થી જાગૃતિનો સફળ કાર્યક્રમ યોજાયો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાના વિદ્યાર્થીઓને કાયદાકીય જોગવાઈઓ અને સુરક્ષા સંબંધિત વિષયો પર માહિતગાર કરવાનો હતો. આ કાર્યક્રમમાં શી-ટીમે વિદ્યાર્થીઓને બાળકોને જાતીય સતામણીથી રક્ષણ આપતા પોક્સો એક્ટ, ઓનલાઇન થતી છેતરપિંડી અને ગુનાઓથી બચવા માટેની સાવચેતીઓ અને સુરક્ષિત ઇન્ટરનેટ વપરાશ, કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરાયેલા નવા કાયદાઓ વિશેની પ્રાથમિક સમજણ, અને બાળકોની સુરક્ષા માટે વિગતવાર સમજણ આપી હતી.



### બાકરોલની સ્પેક એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓએ નેશનલ ઇન્ટિગ્રેશન કેમ્પમાં ભાગ લીધો

**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી, બાકરોલના વિદ્યાર્થીઓએ નેશનલ ઇન્ટિગ્રેશન કેમ્પમાં ભાગ લીધો હતો. આ કેમ્પમાં વિદ્યાર્થીઓએ કોલેજના આચાર્ય ડો. નાનક પમનાણી, આઇ.ક્યુ.એ.સી. કો-ઓર્ડીનેટર જય પટેલ અને એન.એસ.એસ સેલના કોર્ડીનેટર નીતિન વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. આ કેમ્પમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી વિભાગના વિદ્યાર્થી મિક્ષિત વરિયા અને આર્યા પટેલે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કેમ્પમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્વદેશી રમતો, લોક નૃત્ય, ક્વિઝ સ્પર્ધા અને સ્વચ્છતા અભિયાન જેવી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કર્યું હતું.




### આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ બાલશાળા ખેતીવાડીના વિદ્યાર્થી ઝળક્યા




આણંદ | પ્રદેશ કક્ષાના કલા મહાકુંભ 2025-26 ની વિવિધ સ્પર્ધાનું આયોજન સંતરામ કેળવણી મંડળ નડીયાદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ બાલશાળા,ખેતીવાડી આણંદની વિદ્યાર્થિનીઓએ પ્રદેશ કક્ષાએ લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. આ શાળાની વિદ્યાર્થીનીઓ આગામી સમયમાં રાજ્ય કક્ષાએ શાળા અને આણંદ જિલ્લાનું નેતૃત્વ કરશે. વિજેતા બનેલ વિદ્યાર્થીનીઓને સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ, ચેરમેન નીરવભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ તથા શાળાના આચાર્યા હિનાબેન તેમજ સર્વે શિક્ષકશ્રીઓએ શુભકામનાઓ પાઠવી હતી.